# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7852 Dt. 04-12-2014


**DONATE LIFE™**
an initiative for organ donation

રેફનં. તા: ૦૯/૦૬/૨૦૧૮

તંત્રીશ્રી, ________________________ સુરત

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનોવિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ પ્રેમીલાબેન મનજીભાઈ ગોયાણીના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**ઓર્ગન ડોનર શહેર સુરતમાંથી ૭ દિવસમાં ૫ બ્રેનડેડ વ્યક્તિઓના અંગોનું દાન ડોનેટ લાઈફ દ્વારા કરાવીને ૨૩ વ્યક્તિઓને નવજીવન આપવાની ગુજરાતમાં સૌ પ્રથમ ઘટના.**

નામ: પ્રેમીલાબેન મનજીભાઈ ગોયાણી ઉ. વ. ૭૭ બ્લડ ગ્રુપ: O+ve

રહેવાસી: ૮૦, સ્વામીનારાયણ નગર વિભાગ-૧, સુવિધા રો હાઉસની સામે, પુણા બોમ્બે માર્કેટ રોડ, સુરત.

મૂળ રહેવાસી: ગામ. રૂપાવટી, તા: ગારીયાધાર, જી: ભાવનગર.

કૌટુંબિક વિગત: પુત્રો: (૧) ભીખાભાઈ મનજીભાઈ ગોયાણી ઉ.વ. ૫૧
ટેક્ષટાઇલના વ્યવસાય સાથે સંકળાયેલા છે.
(૨) અતુલભાઈ મનજીભાઈ ગોયાણી ઉ.વ. ૪૮
ટેક્ષટાઇલના વ્યવસાય સાથે સંકળાયેલા છે.
(3) સંજયભાઈ મનજીભાઈ ગોયાણી ઉ.વ. ૪૬
પ્રદુષણ નિયંત્રણના ક્ષેત્રમાં કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરે છે.

પુત્રીઓ: (૧) લક્ષ્મીબેન બિપીનચંદ્ર નાકરાણી ઉ.વ. ૫૮
(૨) મંજુલાબેન વાલજીભાઈ અણઘણ ઉ.વ. ૫૬
(3) ચંદ્રિકાબેન રાજુભાઈ ડાયાણી ઉ.વ. ૪૨


૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

મંગળવાર તા: ૫ જુન ૨૦૧૮ ના રોજ પ્રેમીલાબેન સવારે ૫:૩૦ કલાકે ઘરમાં પડી જતાં માથામાં ઈજા થવાથી બેભાન થઇ ગયા હતા. પરિવારજનોએ તેમને તાત્કાલિક આયુષ ICU હોસ્પીટલમાં દાખલ કર્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. પરિવારજનોએ વધુ સારવાર માટે તેમને INS હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરુ કરી.

શુક્રવાર તા: ૬ જુનનાં રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ડૉ. ધવલ પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણીએ પ્રેમીલાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી પ્રેમીલાબેનના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી પ્રેમીલાબેનના પુત્રો ભીખાભાઈ, અતુલભાઈ, સંજયભાઈ અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પ્રેમીલાબેનના પુત્રોએ જણાવ્યું કે અમે બે દિવસ પહેલાં જ વર્તમાનપત્રોમાં અમારા જ સમાજના લાભુબેન ઢોલરીયાના અંગદાન વિશે વાંચ્યું હતું. તેથી અમને થયું કે અમારા માતૃશ્રી બ્રેનડેડ છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેમના શરીરનાં અંગો બળીને રાખ થઈ જાય તેના કરતાં તેના દાન થકી કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

**DONATE LIFE**™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ગાંધીનગરના રહેવાસી યોગેશસિંહ લાલચંદભાઈ ભાટી ઉ.વ. ૫૫, જયારે બીજી કિડની અમદાવાદના રહેવાસી કમલેશ જયંતિભાઈ પંડિત ઉ.વ. ૫૩ અને લિવર જુનાગઢના રહેવાસી હેમાબેન દેવાનંદ કંજાણી ઉ.વ.૫૪માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં પ્રેમીલાબેનના પુત્રો ભીખાભાઈ, અતુલભાઈ, સંજયભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. અશોક પટેલ, ડૉ. ધવલ પટેલ, ન્યૂરોફીજીશિયન ડૉ. મનોજ સત્યવાણી, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ.અંકિત ગજ્જર, INS હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નિલેશ માંડલેવાલા અને યોગેશ પ્રજાપતિ નો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૫૮ કિડની, ૧૦૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૨ ચક્ષુઓના દાન મેળવીને ૬૦૫ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.